


## સલામી સવારની..

*શ્રી બાપુની ચીમકી હવે ધમકી લાગી છે!*
*ઊંઘમાંથી કોંગી હવે ઝબકીને જાગી છે!*
*મૂકી છે માંગ જે મુમકીન નથી કોઈને -*
*બાપુ ના બળે, કોંગી હવે હબકી લાગે છે!!*
*(નખ વેગળા તે વેગળા)*

હાઈકુ

*રાક્ષસી માયા!*
*અવનવાં સ્વરુપે -*
*ફાલ્યો આતંક...*
*(સાયબર એટેક)*

*પ્રમુખ કોણ?*
*સોનીયા કે રાહુલ ?*
*પક્ષ દ્વિધામાં...*
*(વિખવાદનો પક્ષ)*

## ચિંતન

*સમૃદ્ધા ગુણતઃ કેચિદ્ભવન્તિ ધનતોડપરે ।*
*ધનવૃદ્ધાન ગુણૈર્હીનાન્ ધૃતરાષ્ટ્ર! વિવર્જ્ય ॥*

**ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**હે ધૃતરાષ્ટ્ર! કેટલાક લોકો ગુણથી સમૃદ્ધ થાય છે, તો બીજા કેટલાક ધનથી સમૃદ્ધ બને છે, આપ (એમાંથી) જે ધનથી વૃદ્ધ (સમૃદ્ધ) હોય અને ગુણોથી રહિત હોય, તેનો ત્યાગ કરો.**

**'ધન' કરતાં 'ગુણ'નું મહત્ત્વ વિશેષ છે. તેથી ધનથી સમૃદ્ધ હોય, પણ ગુણથી રહિત હોય તેવા વ્યક્તિનો ત્યાગ કરવો જોઈએ.**

**'સદ્ગુણ' એ સમૃદ્ધિથી સંપન્ન બનાવે છે. સૌથી મોટી સમૃદ્ધિ જ સદ્ગુણ છે.**

## સુવિચાર

- બહાર સંપૂર્ણ અશાંતિ હોય અને ભીતર શાંતિ રહે એ સાચી શાંતિ, ઉપાધિમાં સમાધિ રહે એ 'ટેસ્ટેડ સમાધિ' - **આપ્તસૂત્ર**
- માણસના વાનરવેડા જોઈને વાંદરા પોતે જ ડઘાઈ જતા હોવા જોઈએ - **બર્મીઝ કહેવત**
- દીકરા, શક્ય હોય તો તું બીજા કરતા વધારે બુદ્ધિશાળી બનજે, પરંતુ તું બીજાને એમ કહેવાની કોશિષ ન કરતો કે તું એના કરતાં વધારે બુદ્ધિશાળી છે - **લોર્ડ ચેસ્ટરફિલ્ડ**
- નમ્રતા એટલે સિફટથી છુપાયેલું અભિમાન - **બિલ કોસ્બી**
- જીવન આયોજનો કરતાં અકસ્માતો પર વધુ નિર્ભર રહે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સહભાગી એ છે કે જે જમ્યો અને જમાડ્યા, દુર્ભાગી એ છે કે જેણે ખાધું પણ નહીં અને મરી ગયો - **શેખ સાદી**
- આજનું ઔષધ : એક કપ નવશેકા દૂધ સાથે એક ટેબલ સ્પૂન અળસી લેવાથી પેટ સાફ આવે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

આજે શોષણવૃત્તિમાં માનવતા પણ શોષાઈ જાય છે. ઘરનોકર પ્રત્યે 'તાતા'નું વલણ સમજવા જેવું છે.

જમશેદજી તાતાના ઘરમાં કામ કરતો નોકર ભાગી ગયો, બધા પોતપોતાની વસ્તુ, પાકિટ વગેરે જોવા લાગ્યા. ખુદ જમશેદજી આંખ મીંચીને ખુરશીમાં બેઠા હતાં. ઘરના સભ્યોએ કહ્યું, 'તમે તપાસ તો કરો, તમારું કંઈ ગયું તો નથી ને?' ત્યારે જમશેદજી બોલ્યા, 'મારા ખિસ્સામાંથી બે હજાર રૂપિયા ગય છે.' જમશેદજીના પત્ની બોલ્યા, 'આટલા બધા પૈસા ગયા છે ને તોય તમે શાંતિથી બેઠા છો...?' જમશેદજી બોલ્યા, 'હું ઈશ્વરને પ્રાર્થના કરતો હતો, ઈશ્વરની માફી માંગતો હતો કે આ નોકરને પૈસાની જરૂર હતી અને આપણે જાણવાનો પ્રયાસ પણ ન કર્યો, એની પાસે ઘરના કામનો ઢસરકો જ કરાવ્યે રાખ્યો, એને ક્યારેય આપણે પૂછ્યું નહીં કે તારા ઘરમાં સૌ કુશળ તો છે ને ? કોઈ ચિંતા નથી ને?'

જમશેદજી બોલ્યા, 'ઈશ્વર આપણને સૌને આ ભૂલ માટે માફી આપે, અને ભવિષ્યમાં આપણે આપણા નોકર સાથે આવું વર્તન નહીં કરીએ, એ નોકર આ પૈસાને પોતાની જરૂરિયાતમાં વાપરે અને વેડફી ન નાખે તેવા વિચારો ઈશ્વર તેને આપે એવી પ્રાર્થના કરીએ.'

પોતાને ઘરે ચોરી કરનારમાં પણ પોતાની ભૂલ જોતા જમશેદજી તાતા.

# નીતીશકુમારનું નિવેદન : રાજનીતિની જ ચાલ

તંત્રીસ્થાનેથી...

સોનિયા ગાંધી સાથેની નીતીશકુમારની મુલાકાત પછી હવામાં અવનવી અફવાઓ ઘૂમરાવા લાગી હતી. હકીકત શું હશે એ તો એ બેઉ મહાનુભાવો જાણે, પરંતુ ઘણા બધા રાજકીય સમીક્ષકો ઉતાવળે નિષ્કર્ષ કાઢી બેઠા હતા કે આગામી લોકસભાની ચૂંટણીમાં નીતીશકુમારને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરી ભાજપ વિરોધી રાષ્ટ્રીય મોરચો રચવાની લાઈન પર ચર્ચા થઈ હોવી જોઈએ. જો કે જે લોકો નહેરુ ગાંધી પરિવારની નિટક છે તેઓ બરાબર સમજે છે કે સોનિયા ગાંધી કયારેય એમના મનની વાત બહારના નેતા સમક્ષ ખોલવાનું પસંદ ન જ કરે. નીતીશકુમાર જદ(યુ) જેવી પ્રાદેશિક વર્ચસ્વ ધરાવતી પાર્ટીના નેતા છે. તેઓ પોતાની મર્યાદાઓથી વાકેફ છે. એમની અસર બિહાર પૂરતી મર્યાદિત છે. જયારે કોંગ્રેસ તો ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ છે. એનો પ્રભાવ રાષ્ટ્રવ્યાપી રહ્યો છે. છેલ્લાં વર્ષો દરમિયાન એની પનોતી બેઠી છે તે સાચું, પરંતુ બધા દિવસો તો કોઈના પણ એક સરખા નથી જતા. એટલે આજે સતત હાંસિયે ધકેલાતી રહેલી કોંગ્રેસ અનુકૂળ સમયે પાછી કેન્દ્ર સ્થાને નહીં જ આવે એવું તો એના કટ્ટર વિરોધીઓ પણ નહીં વિચારતા હોય. બલકે જયારે - ત્યારે રાષ્ટ્રીય પાર્ટી તરીકે કાઠું કાઢી કેસરિયા પાર્ટીને માત આપી શકાશે તો માત્ર કોંગ્રેસ જ, કારણ કે એનાં મૂળ આ દેશની પ્રજાનાં જિન્સ સાથે જડાયેલાં છે. આઝાદીની ચળવળનું શ્રેય એક માત્ર કોંગ્રેસને જ આપી શકાય એમ છે. વળી એ પછી દાયકાઓ સુધી કોંગ્રેસનું દેશ પર એકચક્રી શાસન રહ્યું છે. અને અનેક વ્યવધાનો પાર કરી દેશ આજે વિશ્વનાં અગ્રણી રાષ્ટ્રોની હરોળમાં પહોંચ્યો છે એનું શ્રેય મહદંશે કોંગ્રેસને જ આપવું રહ્યું. વર્તમાન શાસકોને તો તૈયાર થાળી પર બેસી જવાની તક સાંપડી છે. આ બધો યથાર્થ ભલે ભાજપની નેતાગીરી કબૂલ ન રાખે, પણ એથી હકીકત બદલાઈ જતી નથી. નીતીશકુમાર આ હકીકત બરાબર સમજે છે અને મનોમન સ્વીકારે છે. તેઓ એ પણ સમજે છે કે એમની પોતાની પાર્ટી જદ(યુ) સહિતની મોટા ભાગની અસરકારક પ્રાદેશિક પાર્ટીઓ કે જે બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતને વરેલી છે તે તમામની ગંગોત્રી તો કોંગ્રેસ જ છે. જયપ્રકાશ નારાયણ કે ડૉ. રામમનોહર લોહિયાએ જે સમાજવાદી પાર્ટી રચી હતી એમાં કોંગ્રેસ અને સામ્યવાદી પાર્ટીના સિદ્ધાંતોનો જ સમન્વય હતો. નીતીશકુમાર આજે બિહારના મુખ્યમંત્રી પદે આરૂઢ થઈ શક્યા છે તેમાં લાલુ યાદવના રાષ્ટ્રીય જનતા દળનો સિંહ ફાળો છે. હવે જયારે ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી ચર્ચા ચાલુ થઈ છે ત્યારે કોંગ્રેસ કે પ્રાદેશિક પાર્ટીઓ પાસે ભાજપના વર્તમાન સર્વેસર્વા વડાપ્રધાન સામે ટકી શકે એવો પ્રતિસ્પર્ધી કોણ તે યક્ષ પ્રશ્ન છે. કોંગ્રેસ તો રાહુલ ગાંધીનું નામ નક્કી જ કરી દીધેલું છે, પરંતુ અત્યાર સુધી થયેલી વિવિધ ચૂંટણીઓમાં રાહુલની નેતાગીરી કાર્યસાધક નીવડી નથી તે હકીકત છે. રાહુલ ગાંધી પ્રામાણિક પુરુષાર્થ કરી પોતાનો ગ્રાફ સુધારવા પ્રયત્નશીલ રહ્યા હોવા છતાં સંજોગોએ એમને સાથ નથી આપ્યો તે હકીકત નકારી શકાય એવી નથી. આવી સ્થિતિમાં ભાજપ વિરોધી રાષ્ટ્રીય મોરચાનું નેતૃત્વ કોઈ પ્રતિભાશાળી પ્રાદેશિક પાર્ટીના નેતાને સોંપી ચૂંટણી જંગમાં ઊતરવાનો વિકલ્પ જ બાકી રહે છે. આવા પ્રતિભાશાળી ચહેરાઓમાં નીતીશકુમારનું નામ સૌથી પહેલું યાદ આવે, કારમ કે એમણે વર્ષોથી સ્વચ્છ પ્રતિભા ધરાવતા રાષ્ટ્રીય નેતા તરીકે કાઠું કાઢેલું છે. ભારતીય જનતા પાર્ટીના સૌથી વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની શુભેચ્છા પણ એમને સાંપડી શકે. શરદ પવાર અને મુલાયમસિંહનું રાજકારણ પૂરું થઈ ચૂક્યું છે. અને પશ્ચિમ બંગનાં મુખ્યમંત્રી મમતા બેનરજીની પ્રકૃતિ તથા કાર્યશૈલી સાથી પક્ષોને કેટલી અનુકૂળ રહે તે પ્રશ્ન છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક રાષ્ટ્રીય સ્તરે ઊપસી શક્યા નથી. એથી સ્વભાવિક રીતે જ જો કોંગ્રેસ રાહુલના વિકલ્પે કોઈ પ્રાદેશિક નેતા પર કળશ ઢોળે તો તે નીતીશખુમાર જ હોઈ શકે. લાલુ યાદવ નીતીશકુમાર કરતાં પણ સોનિયા ગાંધીની વધુ નજીક છે, પરંતુ એમની સામે તો આક્ષેપો અને આરોપોનો ગંજ ખડકાયેલો છે. તેથી નીતીશકુમાર ભલે વિવેકપૂર્વક એમ કહે કે હું વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે ઘણો નાનો પડું, પણ વિપક્ષોના મોરચા પાસે એમનાથી વધુ યોગ્ય ઉમેદવાર છે ખરો ? એ જુદી વાત છે કે આવતીકાલના વાસ્તવને સૂંઘનારા નીતીશકુમાર સામે ચાલીને ભેખડે ભરાવા તૈયાર ન થાય, એમને બિહારનું રજવાડું સાચવવામાં મોદી મદદરુપ થતા હોય તો કદાચ વહેવારું અભિગમ અપનાવી વધુ એક ટર્મ પાકી કરી લે!

# મેં તો ભાઈને કહી દીધું કે તમારા બનેવી સાથે વાત કરો મારું કંઈ ન ચાલે

ભાઈનો લગભગ બે વર્ષ પછી આજ અચાનક ફોન આવ્યો કે દીકરી સ્નેહાની સગાઈ કરી છે. તેઓ સારા સુખી સંપન્ન અને ખાનદાની માણસો છે. જયારે તે મોસાળમાં હતી ત્યારે છોકરાની પરણીત બહેને તેને જોતાં જ નાના ભાઈ માટે પસંદ કરી લીધેલ.

મેં અભિનંદન આપ્યા અને ખુશ થઈને કહ્યું 'આ તો બાપુજીની સમાજ સેવાના પુણ્યનું ફળ છે. જેની કુટુંબની બધી દીકરીઓ પ્રતિષ્ઠિત કુટુંબોમાં આદર્શ વહુઓ રુપે સુખી છે. તને યો યાદ હશે જ બાપુજી ગરીબ, રીક્ષાવાળા, લારીવાળા, કામવાળી બાઈઓની દીકરીઓના લગ્ન કરાવવા માટે ભંડોળ એકઠું કરતા, તેમની પાસે મુંબઈ, કલકત્તા, સુરત કચ્છ અને ઘણીવાર વિદેશોમાંથી પણ ઉદ્યોગપતિઓ, સંતો કે પૈસાપાત્ર લોકો દ્વારા મનીઓર્ડર અને ચેકો આવતા. ઈ.સ. ૧૯૭૦-૮૦ના વર્ષોમાં તેમણે લગભગ અઢીસો જેટલી ગરીબ ઘરની દીકરીઓનાં લગ્ન આ દાનમાંથી ખૂબ ધામધૂમથી કરાવેલાં.

ભાઈએ હોંકારો ભણ્યો, 'હાં, એ તો ખરું જ ને, મારે હજુ બીજા ફોન કરવાના છે મૂકું છઉં.' તેના ત્રણ મહિના પછી ભાઈનો ફરીથી ફોન આવ્યો. બે મહિના પછી લગ્નનું મુર્હૂત નીકળ્યું છે. સગાઈ વખતે તો છોકરાવાળાએ આઠ-નવ મહિના પછી મુર્હુત કઢાવવાની વાત કરી હતી. સ્નેહાની જેઠાણી ગર્ભવતી છે. તેની પ્રસુતિની તારીખની લીધે મુશ્કલી થઈ છે.

'સ્નેહા ને બી.કો. પુરું થઈ જાય પછી લગ્નનું વિચારજો.' તેના ભણતરની ચિંતાને કારણે મેં કહ્યું. 'અરે, ગઈકાલે જ તેની બી.કોમ.ની ફાઈનલ પરીક્ષા પુરી થઈ છે.'

'આ તમે સારું કર્યું' દીકરીની પરીક્ષા પુરી થઈ ગઈ એ વાતે મને નિરાંત થઈ.

'સાંભળો, હું ત્યાં આવું છું. લગભગ કાલે કે પરમદિવસે, ટિકીટ લીધા પછી જણાવીશ. તમને તો અમારી સ્થિતિની ખબર જ છે. ત્યાં પ્રવિણ સાથે પણ વાત કરીશ. હમણાં તેને પણ ફોન કરું છું. વધુ વાતો પર શું કરવી, રૂબરૂ મળીશું એટલે વિગતવાર વાત કરીશ.' ભાઈએ વાત પુરી કરી.

થોડીવાર પછી પ્રવિણાનો ફોન આવ્યો, તેણે કહ્યું 'મેં તો ભાઈને કહી દીધું કે તમારા બનેવી સાથે વાત કરો મારું કંઈ ન ચાલે.'

બે દિવસ પછી ભાઈ સ્નેહાએ લઈ ઘેર આવ્યા. તેમણે કહ્યું કે, 'વહુના દાગીના વર પક્ષવાળા પોતે બનાવડાવશે. તે માટે દોઢ લાખની માંગણી કરી છે. હું છોકરીના કપડાં,




આવવા જવાનું બસ ભાડું, મહેમાનો માટે વાડી, લંચ-ડિનરનો ખર્ચો તો ગમે તેમ કરીને કરવાની કોશિશ કરું છું. પણ આટલા બધા રોકડા...' તમને સૌને મારી કંડીશનની તો ખબર જ છે.' એટલું કહી એ ચૂપ થઈ ગયા.

એકરાત વિચાર વિમર્શ કર્યા બાદ મૈં અને પ્રવિણાના પતિએ એ આશ્વાસન આપ્યું. જેના પિતાએ સેંકડો ગરીબી દીકરીઓને પરણાવી હોય તેમના ઘરની દીકરી અને તે પણ પોતાની સગી ભત્રીજીના લગ્નમાં કઈ પાછા પડે એવું તો બને જ કઈ રીતે ?

છેવટે નક્કી એવું થયું કે સોનાના દાગીનાની મોટી રકમ ડાયરેકટ વર પક્ષના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેવી જેથી પુરાવો પણ રહે.

ભાઈ ખુશખુશાલ થતા નિશ્ચિંત થઈ સવારની ટ્રેનમાં રવાના થઈ ગયા. મેં સ્નેહાને કહ્યું ઘેર પહોંચીને ફોન કરજે.' 'હાં....' કહી ને રીક્ષામાં બેસી ગઈ.

બે દિવસ થઈ ગયા પણ તેમના પહોંચતા કોઈ સમાચાર ન આવ્યા. મેં વિચાર્યું કે હું જ

**અનુસંધાન પાના નં. ૭ પર**

## સરનામું - ફોન નંબર બદલાયાં છે

**મારા સેક્ટર-૧ના નિવાસસ્થાનનું પુનઃનિર્માણનું કામ શરૂ કર્યું હોઈ, હાલ પૂરતું મારું નવું સરનામું અને સંપર્ક નંબર આ પ્રમાણે છે :**

**સુરેશ પ્રા. ભટ્ટ**
**એ-૨૦૩, સિદ્ધરાજ ઝોલ્ડ,**
**સરગાસણ ચાર રસ્તા, અટ્રીયા બિઝનેસ હબની પાછળ,**
**સરગાસણ, ગાંધીનગર**
**ફોન : 99 789 26521**
**83 208 68124**

# પ્રેમ મળે તો અમીરી, નહી તો દશા ફકીરી

વીસમી સદીની મહાન અંગ્રેજી લેખિકા ડાફન દ મોરિઅર (૧૯૦૭-૧૯૮૯)એ લખ્યું છે કે ''જીવનમાં તમને ભલે ચાહો એટલી ખુશી મળે, સુખ-સંપત્તિ અને વૈભવ યા નામના મળે. પરંતુ તમારા જીવનનો એક ખુણો પ્રેમ વિના હંમેશા ખાલી જ રહે છે. પ્રેમ વિનાનું જીવન તમને જીવતી લાશ બનાવીને રાખે છે.''

**પ્રેમ તો જીવનનું એક અદભુત રસાયણ છે, જેને જીવનમાં ખરો એટલે કે બિનશરતીય પ્રેમ મળે એ વ્યક્તિ ન્યાલ થઈ જાય છે અને જેને પ્રેમ મળતો નથી તે ધનવાન હોવા છતા ભિખારી બનીને જીવી જાય છે**

લેખિકા ડાફન દ મોરિઅરનું અંગ્રેજી સાહિત્યની દુનિયામાં તેનું ઊચ્ચ સ્થાન રહ્યું છે. તેના વિશેષ સાહિત્યપ્રદાનને ધ્યાનમાં લઈને બ્રિટિશ એમ્પાયર તરફથી તેમને સને ૧૯૬૯માં ડેમ કમાન્ડરની ઊપાધિ આપવામાં આવી હતી જે મહિલાઓ માટે નાઈટહુડ ખિતાબની સમકક્ષ ગણવામાં આવે છે. તેની નવલકથાઓ પરથી અંગ્રેજી ફિલ્મો પણ બની છે. એમાં ''રેબેક્કા'' અને ''જમૈકા ઈન'' મુખ્ય છે. જયારે તેની ટૂંકી વાર્તાઓ પરથી પણ ફિલ્મો બનેલી છે. જેમાંની એક ફિલ્મ ''ધ બર્ડઝ એન્ડ ડોન્ટ લૂક નાઉ'' ઉલ્લેખનીય છે.

ડાફન દ મોરિઅરનો જન્મ લંડનમાં થયો. તેના દાદા જ્યોર્જ દ મોરિઅર પણ જાણીતા અંગ્રેજી સાહિત્યકાર હતા. જાણીતા અભિનેતા સર ગેરાલ્ડ દ મોરિઅર અને જાણીતી અભિનેત્રી મુરિએલ બેમોન્ટની દીકરી ડાફન દ મોરિઅર તેનાં મા-બાપનું ત્રણ પુત્રી પૈકી બીજું સંતાન હતી. સંતાનોમાં હંમેશા મા-બાપ પહેલા સંતાનને ખુબ પ્રેમ આપે અને લાડકોડથી ઉછેરતા હોય છે. ભલે એમ કહેવાતું કે મા-બાપ માટે તો દરેક સંતાન સરખું. પરંતુ મોટા ભાગના કિસ્સામાં પહેલું અને પછી છેલ્લું સંતાન મા-બાપના સૌથી વધુ લાડ-પ્યાર પામતું હોય છે.




ડાફન દ મોરિઅર પણ તેનાં મા-બાપનું વચલું સંતાન હતી. સ્વાભાવિકપણે એની સાથે પણ એ જ બન્યું જે મોટા ભાગે બનતું આવે છે. મા-બાપ બેઉ પ્રોફેશનલ કલાકાર હોવાથી દીકરી તરફ ઝાઝું ધ્યાન કે પ્રેમ આપી શક્યાં નહોતાં. પરંતુ લેખનકલા તેને મળેલી ઈશ્વરીય બક્ષિસ હતી. તેના જીવનમાં પણ પ્રેમનો ખુણો હંમેશા ખાલીને ખાલી જ રહેતો ગયો. તેને વન નાઈટ સ્ટેન્ડ માફક કોઈને કોઈનો હંગામી પ્રેમ મળતો રહ્યો પરંતુ સાચો પ્રેમ તેના માટે છેક મૃત્યુ સુધી જીવનની એક શોધ યા અદ્રશ્ય ચીજ બનીને જ રહ્યો.

પ્રેમ માટે તરસતી રહેલી લેખિલા ડાફન દ મોરિઅરનો સામાજીક વિદ્રોહ, ભીતરની સંવેદના અને પ્રેમની જીજિવિષા તેનાં વિવિધ સાહિત્યસર્જનમાં પણ વિષયવસ્તુ બનીને છવાતાં ગયાં. પ્રેમ તો જીવનનું એક અદભુત રસાયણ છે. જેને જીવનમાં ખરો એટલે કે બિનશરતીય પ્રેમ મળે એ વ્યક્તિ ન્યાલ થઈ જાય છે અને જેને પ્રેમ મળતો નથી તે ધનવાન હોવા છતા ભિખારી બનીને જીવી જાય છે. જીવનમાં કોઈને પ્રેમ મળે તો એની દશા યા સ્થિતિ અમીરી જેવી કહેવાય. જ્યારે પ્રેમ મળ્યો જ ન હોય તેની દશા ફકીરી જ કહેવાય.

પ્રેમનું વરદાન હર કોઈને જીવનમાં મળી જતું નથી. એના માટે જીવ પુણ્યાત્મા હોય એટલે કે નસીબદાર હોય ત્યારે કદાચ પ્રેમ મળતો હશે. અન્યથા તો પ્રેમના નામે ગરજ, મતલબ, સ્વાર્થ, ઈચ્છાપૂર્તિ, લેવડદેવડ યાને ગિવ એન્ડ ટેક અને લોભ-લાલચ ભરેલા સંબંધો જ જોવા મળતા હોય છે.

સ્ટોપર :

''પ્રેમ હંમેશા ઊર્ધ્વગામી બનાવે. પ્રેમ કદીય સ્વાર્થી ન બનાવે.''



# વેકેશનની રજાચીઠ્ઠી..!! સત્ય આંખોમા છુપાઈ ગયુ ને જીભ પ્રેક્ટિકલ બની ગઈ..!!

ઘરમા વેકેશનની તૈયારીઓ તડામાર ચાલી રહી હતી.

'ચાર દિવસ પછી તો આપણે પ્લેનમા બેઠા હોઈશું..... અને ખૂબ મજા કરીશુ...!' મમ્મી તો ગોવા જતી ફ્લાઈટમા જાણે સૌ બેસી ગયા હોય છે તેવુ આભાસી ચિત્ર મોટા દિકરા અર્જુન અને નાની દીકરી આયુષીને બતાવી રહી હતી.

'અને જો મમ્મી... હું બીચ પર ખૂબ ન્હાવાનો છું... તું મને રોકતી નહી...!!' બારમાં ધોરણની પરીક્ષા પુરી થયા પછી અર્જુન ક્યારનો'ય વેકેશનની મોજમસ્તીના સપના જોઈ રહ્યો હતો.

'પણ.... મમ્મી.... આ ફરવા જવાનો ખર્ચ કેટલો થશે ?' ક્યારનીયે ચુપ બેસેલી આયુષીએ મમ્મીને પુછી લીધું.

'એ.. તો.. તારા પપ્પાને ખબર...!!' મમ્મી એ જવાબ વાળી દીધો તો ખરો, પણ જે ચિંતા મોટા વ્યક્તિને થવી જોઈતી'તી તે ચિંતા ઘરની સૌથી નાની વ્યક્તિ જે હજુ તો સાતમાં ધોરણની પરીક્ષા આપી તે આયુષી કરી રહી હતી.

'પણ.. જુઓ આ વખતે હુ તમારુ કોઈ બહાનુ નહી ચલાવી લઉ... મારી બધી બહેનો તો આખુ ભારત ફરી આવી... તમે મને અંબાજીથી ક્યાંય આગળ નથી લઈ ગયા....!!! ગમે તે કરી આ વેકેશન તો મારે ગોવા જ જવુ છે.....!!!' આ સ્ત્રીહ્ઠે સંકેતને મજબુર કરી દીધો હતો.

જો કે તે સ્ત્રીહ્ઠ પુરી કરવા પાછળ સંકેત પોતાની પ્રામાણિક્તા દાવ પર લગાવી દીધી હતી. પોતાની કંપનીમા એક મોટો ઓર્ડર અપાવવા માટે સામેની કંપની પાસે ગોવાનું પેકેજ લાંચ પેટે લઈ લીધુ હતુ..

સંકેતની અંદરનો વસવસો દુર કરવા તેની પત્નીએ જ પ્રેક્ટિક્લ એપ્રોચ સમજાવ્યો હ્તો.

સંકેતની પત્નીએ અને અર્જુન તો પોતાની સોસાયટી અને દરેક જાણીતાને પોતે વેકેશનમા પ્લેનમાં ફરવા જવાના છે તેની જાહેરતો કરી દીધી હતી. મમ્મીએ ત્રીજી વાર બધુ પેકીંગ ચકાસી લીધું.. અને બસ હવે તો ગોવામા જ શાંતીથી સુઈ શકશે તેવા સ્વપ્રમાં રાચવા લાગી... રાત્રે દસ વાગે નોકરી પુરી કરી સંકેત ઘરે આવ્યો. તેના ચહેરા પર નૂર ઓછુ હતુ... તે ચુપ હતો... પત્નીએ આજે પહેલી વાર રાત્રે ગરમ-ગરમ રોટલી બનાવી આપી. ચોથા કોળીએ તો સંકેત તો કહી દીધું,.. 'મારી રજા મંજુર થઈ નથી... બધા વેકેશનમા રજા લેશે તો કંપની કેવી રીતે ચાલશે ? શેઠે હમણા રજા નહી મળે તેમ સ્પષ્ટ કહ્યું છેપ..!!' આ વાક્ય પુરુ થતા તો તેની પત્નીના બધા સપનાઓ તો જાણે એકક્ષણમાં જ ઓગળી ગયા.

**શાળા છોડી, પણ ભુલ્યા ક્યાં, યાદો થોડી, પણ ભુલ્યા ક્યાં?**
**છો ગણિત-ભાષા માં, કાચા, ચીઠ્ઠી-કૉપી, પણ ભુલ્યા ક્યાં?**
**બેંચ ઊપર ઊભા કરતાં, ડસ્ટર-સોટી, પણ ભુલ્યા ક્યાં?**
**કાને કાને વાતો થાતી, સાચી-ખોટી,પણ ભુલ્યા ક્યાં?!**

'તો... પછી એમ કરો.... બિમારીની રજા લઈ લો...!!' 'પણ.. માંદુ કોણ છે ? એક તો મેં શેઠને જણાવ્યું પણ નથી કે આપણે ફરવા જવાના છીએ... જો તે તપાસ કરે કે આ પેકેજ મને પેલી કમ્પનીએ ગિફ્ટ વાઉચરમા આપ્યું છે.. તો... મારી વર્ષોની પ્રામાણિક્તા અને વિશ્વાસ પર પાણી ફરી વળે...!!' સંકેત ખોટું કરવા તૈયાર નહોતો.

'બળી તમારી પ્રામાણિક્તા...ને બળ્યો તમારો વિશ્વાસ.... આટલા વર્ષોની નોકરી પછી તમને મળ્યું છે શું ? અને એક વાર ખોટુ બોલી જશો કે મારી દિકરી ખરેખર માંદી છે.. તો શેઠ કાંઈ ઘરે થોડા જોવા આવવાના છે ?' પત્નિ ખૂબ પ્રેક્ટિક્લ બની સંકેતના વર્ષોની પ્રામાણિકતાને તુચ્છ જણાવી રહી હતી. 'સારુ.. એમ કરીશ....' ત્રણ શબ્દો પછી સંકેત જમવાનુ પુરુ કર્યુ અને અર્જુન- આયુષી પાસે સુઈ ગયા.

આયુષી તે બન્નેની વાતચીત સાંભળી ચુકી હતી.

સંકેતની આંખોમાથી ઉંઘે રજા લઈ લીધી હોય તેમ તે રુમની છતને તાકીને જોઈ રહ્યો હતો.

આયુષી જાણે પપ્પાની પરિસ્થિતિ પામી ચુકી હોય તેમ પોતાની નાની હ્થેળીથી પપ્પાના માથે હાથ ફેરવવા લાગી.

'કેમ બેટા, ઉંઘ નથી આવતી....??' સંકેત આયુષી બાજુ પડખુ ફેરવ્યું. 'પપ્પા... તમને પણ ક્યાં ઉંઘ આવે છે..? પપ્પા પૈસાની તકલીફ હોય તો આપણે ફરવા નથી જવું.' દિકરીની નાની હથેળીમાં વ્હાલ એટલું હતું કે સંકેતની આંખો ભરાઈ આવી.. 'ના... બેટા.. આ તો રજા પાસ નથી થઈ... એટલે શું કરું તે વિચારતો હતો... પણ એ તો હું ગમે તેમ કરીને તે કરી લઈશ.. તુ સૂઈ જા અને વેકેશન ટુરની તૈયારી કર...' સંકેત આયુષીન વહાલ કર્યુ અને જાણે પોતાના બધો'ય ભાર હળવો થઈ ગયો હોય તેમ લાગ્યું. બીજા દિવસે સંકેત પોતાના ઓળખીતા ડોક્ટર પાસે આયુષીની માંદગીનુ સર્ટી લઈ લીધું અને કંપનીમા ભારે પગલે શેઠની કેબિનમા પગ મુક્યો. શેઠ તેમના હાથમા એક કાગળ વાંચી રહ્યા હતા.




'સર... મારી રજાચીઠ્ઠી.... મારી દિકરીને ઝેરી મેલેરીયાની અસર છે... હું અઠવાડિયું કામ પર નહી આવી શકું...!!' વશિષ્ઠે આખરે સાહ્સ કરીને ખોટુ બોલી દીધું. 'રજા આપી નથી એટલે બહાનું તો નથીને સંકેત...???'' શેઠે ધારદાર નજરથી સંકેત સામે જોયું.

અને તે ક્ષણે સંકેતની આંખોમા રહેલુ અસત્ય ક્યાંક પરખાઈ ન જાય એટલે તે આડીઅવળી થઈને સુરક્ષિત ખુણો શોધવા લાગી અને છેલ્લે તે જમીન તરફ સ્થિર થઈ ગઈ. અને જીભે તેનું પ્રેક્ટિક્લ કામ કર્યું, 'ના... સર....!!' 'સારુ મને તારામા વિશ્વાસ છે કે તું ખોટુ નહી બોલે...!!' શેઠના આ શબ્દોથી સંકેતને થયું કે ખરેખર આજે પહેલીવાર હું મારી નજર ઉંચી નથી કરી શક્તો.

તે ચુપ રહ્યો. શેઠે કહ્યું, 'સારુ આયુષીની સારવારનો ખર્ચ કંપનમાંથી લઈ લેજે....!' આ શબ્દોથી સંકેતની આંખોમાંથી ઝળઝળીયા આવી ગયા... અને ફરી અંદરથી સત્ય બેઠું થઈ ગયું.

તે વિશ્વાસથી શેઠને સાચુ કહેવા નજીક આવ્યો.. 'સર... સોરી... હું આજે તમારી સામે જુઠ્ઠુ બોલ્યો છું...આયુષી માંદી નથી..મારે રજા નથી જોઈતી...!' સંકેત ઝડપથી કેબિન બહાર નીકળવા લાગ્યો...!!'

'ઉભો રહે સંકેત.... તુ આ કંપનીનો સૌથી જુનો અને પ્રામાણિક કર્મચારી છે... તુ જુઠ્ઠુ બોલ્યો તેની સજા થશે...' શેઠની આંખોમાંથી જાણે આગના તણખા ઝરી રહ્યા હતા.

'લે આ કવર...!!' શેઠના ભારેખમ અવાજમાં સંકેતના પગ થંભી ગયા. સંકેતને લાગ્યું કે શેઠે મને પાણિચુ તો નથી પકડાવી દીધુ'ને...??

'સારુ.. ખોલ... કવરને ..!!' શેઠનો અવાજ વધુ ભારેખમ હતો.

વશિષ્ઠે ધ્રુજતા હાથે કવર ખોલ્યું, તેમા એક નાની ચીઠ્ઠી હતી.. અને સાથે બીજુ કવર હતુ...!

'તે ચીઠ્ઠી વાંચ...!' શેઠ હજુ ગુસ્સામા હતા. નાની ચબરખીમાં મરોડદાર અક્ષરે લખેલું હતું.... રજા ચિઠઠી....

સર, જણાવવાનું કે મારા પપ્પાની રજા તમે મંજુર કરી નથી.અમારે ખરેખર ફરવા જવું છે. મારા પપ્પા ક્યારેય ખોટુ બોલતા નથી. પણ કાલે રાત્રે જ મને લાગ્યું કે મારા પપ્પા અમારા માટે ખોટુ બોલીને તમારી પાસે રજા માંગશે. મારી સ્કુલની રજા માટે મારા પપ્પા જો રજાચીઠ્ઠી લખતા હોય તો તેમની રજાચીઠઠી હું કેમ ન લખી શકું ? વળી.. પપ્પાને પૈસાની પણ તક્લીફો છે.. જે મને ક્યારેય નહી જણાવે કેમ કે હું તેમની દિકરી છું... દિકરો નહી...!! હું માંદી નથી. છતા પણ તમે મારા પપ્પાને રજા આપશો તેવી હું તેમની દિકરી ભલામણ કરુ છું.

મારા પપ્પાની વ્હાલી દિકરી,

**અનુસંધાન પાના નં. ૭ પર**